# સુરત મહાનગરપાલિકા

## કોવીડ–૧૯ અંતર્ગત હિરા બજારને ચાલુ રાખવા અંગેની માર્ગદર્શિકા / નિયમો

વિશ્વભરમાં ફેલાયેલી કોરોના મહામારીને ફેલાતી અટકાવવા માટે ભારત ભરમાં આશરે ૩ (ત્રણ) મહિનાના તબકકાવાર લાગુ કરવામાં આવેલ લોકડાઉન બાદ જનજીવનને સામાન્ય કરવા અનલોક–૧ જાહેર કરવામાં આવેલ. જેમાં વિવિધ વ્યવસીક પ્રવૃત્તિઓ કરવા છુટછાટ આપવામાં આવેલ. જેના ભાગરૂપે સુરત શહેરના હિરા બજાર (હિરાની ફકત લે–વેચની પ્રવૃત્તિ કરતા બજાર) તા.૧૦/૦૭/૨૦૨૦ થી નીચે મુજબના નિયમોનું પાલન કરવાની શરતે ચાલુ રાખી શકાશે.

- **વ્યવસાય / કામગીરીના સ્થળ બાબત**:–
  - તમામ ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં કામ ઉપર આવતા કર્મચારીઓનું નોંધણી રજીસ્ટર બિલ્ડીગના ગેટ પર રાખવાનું રહેશે.
  - તમામ ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં યોગ્ય પ્રમાણમાં નેચરલ ક્રોસ વેન્ટીલેશન મળી રહે તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે. જે યુનિટ/રૂમમાં નેચરલ વેન્ટીલેશન શકય ન હોય તેવા તમામ યુનિટ / કારખાનામાં એગ્ઝોસ્ટ ફેન (પ્રતિ ચો.ફુટ ૦૧ સી.એફ.એમ. કેપેસીટી મુજબ) ફરજીયાત રાખવાના રહેશે.
  - ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં કામ કરનાર કર્મચારીઓ વચ્ચે ૧.૦ મીટર જેટલુ સોશ્યલ ડીસ્ટન્સ જળવાઈ તે મુજબ ઓફિસના ફર્નીચરના લે–આઉટમાં ફેરફાર કરવાનો રહેશે. અથવા તે માટે પીવીસી જેવા મટીરીયલના પાર્ટીશન/બેરીયર્સ લગાવવાના રહેશે તથા તે માટે ફલોર અને દિવાલો ઉપર યોગ્ય અંતરે સર્કલ, લાઈન જેવા માર્કિંગ કરવાના રહેશે.
  - ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં ફકત સક્ષમ સત્તા ધ્વારા નકકી કરવામાં આવે તે મુજબના જ ડીસ્પ્લે મટીરીયલ્સ (કોરોના મહામારી અંગે જાગૃતી લાવવા તથા સાવચેતીના પગલાની જાણકારી આપવા બાબત) જાતે છપાવીને સ્પષ્ટરીતે જોઈ શકાય તે રીતે લગાવવાના રહેશે.

- o ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં સંપૂર્ણ વિસ્તારને આવરી લે તે મુજબ સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે.
- o ટ્રેડીગ યુનિટ / ઓફિસ પ્રવેશ પર પગથી સંચાલિત વોશ બેસીન / સેનીટાઈઝર મુકવાના રહેશે.
- o ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં આવેલ તમામ ફર્નીચરને દરરોજ બે વખત સેનીટાઈઝ કરવાની રહેશે.
- o ટ્રેડીગ યુનિટ / ઓફિસોના બાથરૂમને દરરોજ દિવસના બે વખત હાયપોકલોરાઈડથી સાફ–સફાઈ કરાવવાના રહેશે.
- o ટ્રેડીગ યુનિટ / ઓફિસોના કારીગરો માટે જરૂરી પર્સનલ પ્રોટેકશનના સાધન (માસ્ક વિગેરે) ઉપલબ્ધ રાખવાના રહેશે તથા આવા સાધનોના ડીસ્પોઝલ માટે યલો કલર બેગની વ્યવસ્થા કરવાની રહેશે. આવી ડીસ્પોઝલ બેગનો બાયો મેડીકલ વેસ્ટ ડીસ્પોઝલ સીસ્ટમ મારફત રોજે–રોજ નિકાલ કરવાનો રહેશે.

➢ **વ્યવસાય પધ્ધતિ બાબતઃ**–

- o હિરા બજારોમાં રસ્તાઓ ઉપર ઉભા રહી / વાહનો પર બેસી કે ઓટલા ઉપર બેસીને વ્યવસાયીક પ્રવૃત્તિ કરી શકાશે નહી. તેમજ બજારની શેરીઓમાં તથા ઓફિસોની પ્રત્યેક કેબીનમાં એક સાથે ચાર કે તેથી વધુ વ્યકિતઓ ભેગા થઈ શકશે નહી.
- o તમામ ઓફિસો બપોરે ૨ઃ૦૦ વાગ્યા થી સાંજે ૬ઃ૦૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે.
- o હિરા બજારના દરેક ઓફિસના કર્મચારીઓને આઈડેન્ટીટી કાર્ડ ઈસ્યુ કરવાના રહેશે.
- o બિમાર તથા બિમારીના લક્ષણ ધરાવતા તથા ૧૦ વર્ષ થી ઓછી કે ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા / કોમરબીડ (હાઈપર ટેન્શન,ડાયાબીટીશ વિગેરે જેવા બિન ચેપી રોગો ધરાવતા) વ્યકિતઓને કામ ઉપર આવવા દેવાના રહેશે નહી.
- o સક્ષમ સત્તા ધ્વારા નકકી કરવામાં આવેલ માઈક્રોકન્ટેઈનમેન્ટ વિસ્તારમાંથી કોઈ પણ મજુર / કારીગર કામ ઉપર આવી શકશે નહિં.
- o શહેર બહારથી આવતા કોઈ પણ વ્યકિત રાજય સરકારની ગાઈડ લાઈન મુજબ ૧૪ (ચૌદ) દિવસ કોરન્ટાઈન રહયા પછી જ કામ ઉપર આવી શકશે.

- ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં કામ કરતા તમામ કર્મચારીઓ તેમજ મુલાકાતીઓની બિલ્ડીગના ગેટ ઉપર રાખેલ રજીસ્ટરમાં અચુક નોંધણી (નામ, સરનામું, મોબાઈલ નંબર, ઉંમર વિગેરે) કરવાની રહેશે.
- ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં આવતા કર્મચારીઓનું આઈ.સી.એમ.આર.ની ગાઈડ–લાઈન મુજબ દરરોજ ૨(બે) વખત ગન વડે થર્મલ સ્ક્રિનીંગ કરી ટેમ્પ્રેચર લેવાનું રહેશે. (કામ ઉપર આવવાના તથા જવાના સમયે )
- ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં કામ કરતા દરેક વ્યકિતઓના પલ્સ ઓકસીમીટરથી દરરોજ ચકાસણી કરી ઓકસીજન લેવલ ૯૫ કરતા ઓછું ન હોય તેની ખાતરી કરવાની રહેશે.
- કામગીરીના સ્થળે ચકાસણીમાં કોઈ વ્યકિત બિમાર જણાય તો આવા કર્મચારીને તાત્કાલિક અન્ય કર્મચારીઓથી અલગ કરી સરકારશ્રીની મેડીકલ હેલ્પ લાઈન (૧૦૪) ને જાણ કરવાની રહેશે તથા આવા વ્યકિતને ઘર / હોસ્પીટલ પહોંચાડવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં આવવાના સમયે અને જવાના સમયે દરેક કામદાર / સ્ટાફે વારાફરતી ૧.૫ મીટરનું અંતર જળવાઈ રહે તે મુજબ એક પછી એક આવવા જવાનું રહેશે.
- હિરા બજારની દરેક બિલ્ડીગમાં શીફટ શરૂ થવા તેમજ પુરી થવા સમયે ડ્રીલ કરવાની રહેશે. જેમાં કારીગરોને કોરોના મહામારી તેના ફેલાવાની રીત તથા તેના સંક્રમણ થી બચવા લેવા જોગ સાવચેતીના પગલાઓ અંગે માહિતી / માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે તથા દરેક વ્યકિત આવા તમામ સાવચેતીના પગલા લેશે તે મુજબની શપથ લેવડાવવાની રહેશે તથા જુસ્સા પ્રેરક સુત્રોચ્ચાર કરાવવાના રહેશે.

  **(શપથ :– હું કોરોના મહામારીના સંક્રમણને અટકાવવા માટે સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં / સુચવવામાં આવેલ તમામ સલામતીના પગલા લઈશ અને આ મહામારી ફેલાતી અટકાવવામાં મારો ફાળો આપીશ.)**

  **(સૂત્રોચ્ચાર :– હારસે કોરોના જીતસે સુરત, એક લક્ષ હમારા હે કોરોના કો હરાના હે.)**
- તદઉપરાંત માર્કેટ સવારે શરૂ થાય ત્યારે વંદે માતરમ તથા સાંજે બંધ થવાના સમયે રાષ્ટ્રગીતનું ગાન કરવાનું રહેશે.

- હિરા બજારના તમામ કર્મચારીઓને ભારત સરકારશ્રીની આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવાની રહેશે.
- ટ્રેડીગ યુનિટ / ઓફિસોના તમામ કર્મચારીઓએ સરકારશ્રીની ગાઈડ–લાઈન મુજબ ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે તેમજ ઓછામાં ઓછુ ૧.૫ મીટર સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.
- ઓફિસોના તમામ કર્મચારીઓએ સરકારશ્રીની ગાઈડ–લાઈન મુજબ અવાર–નવાર સેનેટાઈઝર/હેન્ડવોશ નો ઉપયોગ કરવાનો રહેશે.
- તમામ ટ્રેડીગ યુનિટ / ઓફિસોના સીસીટીવી કેમેરા દરરોજ ચાલુ રાખવાના રહેશે અને તેનું દિવસવાર રેકોર્ડીગ રાખવાનુ રહેશે. તથા સક્ષમ સત્તા ધ્વારા ચકાસણી દરમ્યાન માંગવામાં આવે ત્યારે આવા રેકોર્ડીગ રજુ કરવાના રહેશે.
- કોઈપણ સંજોગોમાં ઓફિસોમાં કેન્ટીન / ભોજનાલય વ્યવસ્થા રાખી શકાશે નહી કે સમુહમાં ભોજન કરી શકાશે નહી.
- ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં હિરાના પેકેટને ઝીપલોક પ્લાસ્ટીક બેગમાં રાખી એક બીજાને આપતા પહેલા સેનેટાઈઝ કર્યા બાદ જ ઉપયોગમાં લેવાના રહેશે.
- ટ્રેડીગ યુનિટ / ઓફિસોમાં કામ કરતા દરેક કર્મચારીઓ પોતાના ટ્રેડીગ યુનિટ / ઓફિસોની આજુ–બાજુ / નજીકમાં આવેલ પાન–માવા અને ચા ની લારી–ગલ્લા કે દુકાનોમાં ચા પીવા કે પાન માવા ખાવા માટે જઈ શકશે નહી.
- હિરા બજારના દરેક બિલ્ડીગ દીઠ એક વ્યકિતની કોરોના વોરીયર તરીકે નિમણુંક કરવામાં આવશે. સદરહું નિયુકત વ્યકિત ધ્વારા સંબંધિત બિલ્ડીગમાં પ્રવેશતા તમામ કર્મચારીઓ / મુલાકાતીઓ ઓફિસ વાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા ટ્રેડીગ યુનિટ / ઓફિસોની કોઈ પણ કેબીનમાં એક સમયે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા ન થાય તે મુજબ મુલાકાતીઓની એન્ટ્રી સુનિશ્ચિત કરવાની રહેશે. સક્ષમ સત્તા ધ્વારા ચકાસણી કરવામાં આવે ત્યારે આ રજીસ્ટર રજુ કરવાનું રહેશે. આ રીતે નિયુકત થયેલ વ્યકિતનું ઓળખ સહિતનો ફોટો બિલ્ડીગની એન્ટ્રીમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે લગાવવાનો રહેશે. સદરહું વ્યકિત ધ્વારા જે તે દિવસ દરમ્યાન સંસ્થા ધ્વારા તથા કર્મચારીઓ ધ્વારા ઉપરોકત તમામ નિયમોનું પાલન થયેલ છે કે કેમ? તેનું સેલ્ફ વેરીફીકેશન કરી તે અંગેનું ચેકલીસ્ટ નિભાવવાનું રહેશે.
- ઉપરોકત નિયમો સિવાય સરકારશ્રી ધ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા માર્ગદર્શક નિયમો/ સુચનાઓનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

➢ **<u>પ્રોત્સાહક / શિક્ષાત્મક પગલાઓ</u> :–**

- o સક્ષમ સત્તા ધ્વારા ગમે તે સમયે આવી ચાલુ ટ્રેડીંગ યુનિટ / ઓફિસોનું સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવશે. આવા ચેકીંગ દરમ્યાન જો ઉપરોકત નિયમોનું પાલન થતું ન હોવાનું જણાશે તો આવા ઓફિસો ઉપર શિક્ષાત્મક કાર્યવાહી / રોકડ દંડ કરવામાં આવશે.
- o સક્ષમ સત્તા ધ્વારા ગમે તે સમયે આવી ચાલુ ઓફિસોમાં કર્મચારીઓનું એન્ટીજન ટેસ્ટ કરવામાં આવશે. આવા પરિક્ષણમાં જો કોઈ વ્યકિત સંક્રમિત જણાશે તો આવા ટ્રેડીંગ યુનિટ / ઓફિસને (સંપુર્ણ બિલ્ડીંગને)તાત્કાલિક અસર થી બંધ કરાવવામાં આવશે. જે બજારમાં ૧૦ થી વધુ સંક્રમિત વ્યકિતઓ જણાશે તેવા બજારોને સંપુર્ણપણે બંધ કરવામાં આવશે.
- o સક્ષમ સત્તા ધ્વારા કરાયેલ ચકાસણીમાં જે ઓફિસો / બજારોમાં ઉપરોકત તમામ નિયમોનું પાલન થતું હોવાનું જણાશે તથા એકપણ સંક્રમિત વ્યકિત ન મળે તેવા ટ્રેડીંગ યુનિટ / ઓફિસોને કોવીડ સેફટી એક્રેડીટેશન આપવામાં આવશે.

**હુકમથી,**

**-Sd/-**

**ઈ.ચા.નગર નિયોજક**
**શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતુ**
**સુરત મહાનગરપાલિકા**

**ટીડીઓ/આ.નં.૮૦૦**
**તા.૦૮/૦૭/૨૦૨૦**